# ઉત્તરાયણના બે દિવસમાં ૭૮ પક્ષીઓનું રેસ્ક્યુ ઓપરેશન

**પક્ષી બચાવ અભિયાન - ૨૦૨૨ અંતર્ગત પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા ૫૬ રેસ્ક્યુ કરાયાં જે પૈકી ગંભીર રીતે ઇજાગ્રસ્ત ૪ કબુતર મોતને ભેટ્યા : ઇજાગ્રસ્ત પક્ષીઓમાં કાગડો, બજરીગર, રેવીદેવી ઘુવડ, સમડી, કાળી કાંકણસાર, પોપટ અને ચિબરીનો પણ સમાવેશ : હજુ બે દિવસ બચાવ અભિયાન ચાલુ રહેશે**

ગાંધીનગર તા.૧૫

પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ,માં એનિમલ ફાઉન્ડેશન તથા હેપ્પી યુથ ક્લબ સંયુક્ત રીતે પક્ષી બચાવ અભિયાન - ૨૦૨૨ અંતર્ગત ઉત્તરાયણના દિવસે ૨૯ પક્ષીઓના રેસ્ક્યુ કરવામાં આવ્યાં જ્યારે વાસી ઉત્તરાયણના દિવસે ૨૭ પક્ષીઓના રેસ્ક્યુ કરવામાં આવ્યાં હતાં. આ પક્ષીઓમાં ૪૬ કબુતર સાથે અન્ય ૧૦ પક્ષીઓનો સમાવેશ થાય છે જેમાં કાગડો, બજરીગર, રેવીદેવી ઘુવડ, સમડી, કાળી કાંકણસાર, પોપટ અને ચિબરીનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈજાગ્રસ્ત થયેલા પક્ષીઓમાં ચાઈનીઝ દોરીથી નોંધપાત્ર સંખ્યામાં પક્ષીઓ ઈજાગ્રસ્ત થયા હોવાના કિસ્સા જોવા મળ્યાં હતાં. ઈજાગ્રસ્ત પક્ષીઓને સંસ્થા દ્વારા સેક્ટર-૨૨ ખાતે જૈન મંદિર નજીક બનાવાયેલા કંટ્રોલ પોઈન્ટ પર સારવાર આપવાની સુવિધા ઉભી કરવામાં આવી હતી.

પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત પક્ષી બચાવો અભિયાનમાં ઉતરાયણના દિવસે હાથ ધરવામાં આવેલા રેસ્ક્યુ અભિયાનમાં એક કાગડો, એક બજરીગર, એક રેવિદેવી ઘુવડ, એક સમડી અને એક બ્લેક આઈબિસ એટલે કે કાળી કાંકણસાર ઉપરાંત ૨૫ કબૂતરનું રેસ્કયું હાથ ધરાયું હતું. આ રેસક્યું કાર્યમાં સ્વયંસેવકોના અઢળક પ્રયાસ છતાં ગંભીર રીતે ઘવાયેલા બે કબૂતરોનો જીવ બચાવવામાં સફળતા મળી નહોતી. આજે ઉત્તરાયણના બીજા દિવસે સાંજના ૭ વાગ્યા સુધીમાં વધુ ૨૭ પક્ષીઓ બચાવવામાં આવ્યાં હતા જેમાં ૧ પોપટ, ૧ ચીબરી, ૧ ઘુવડ, ૨ સમડી તથા ૨૧ કબૂતર બચાવવામાં આવ્યા હતા. બીજા દિવસે પણ બે કબૂતરના મૃત્યુ થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી પક્ષી બચાવ કામગીરી કરવામાં આવી રહી છે જેમાં આ વર્ષે મા એનિમલ ફાઉન્ડેશન માટે હેપ્પી યુથ ક્લબ પણ જોડાઈ છે અને સંસ્થાના વિવેક પરમારે જણાવ્યું હતું કે "આ અભિયાન સતત ચાર દિવસ ચલાવવાનું આયોજન કરવામાં આવ્યું છે કેમકે ઉત્તરાયણ બાદ શહેરના મકાનો પર અને વૃક્ષો પર ફસાયેલી દોરીથી પક્ષીઓના ઈજાગ્રસ્ત થવાના રેસ્ક્યૂ કોલ પણ મોટી સંખ્યામાં આવતા હોય છે. આગામી દિવસોમાં આ સંસ્થાઓ દ્વારા ગાંધીનગરમાં મકાનો-વૃક્ષો તેમજ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ વગેરે પર લટકી રહેલી દોરીઓ અને કપાયેલા પતંગો એકઠાં કરવાનું કાર્ય હાથ ધરવામાં આવશે જેથી વધુ પક્ષીઓને ઘાયલ થતા રોકી શકાય."







### ચાઇનીઝ દોરીનો વપરાશ અટકાવવા ગંભીરતા જરૂરી

પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના તેજસ ગામીતે જણાવ્યુ હતુ કે છેલ્લાં કેટલાક વર્ષથી નાગરિકોમાં પક્ષી બચાવવા અંગે જાગૃતિ આવી રહી છે, પરંતુ હજુ પણ ચાઈનીઝ દોરીના કારણે પક્ષીઓના મોત થઈ રહ્યા છે જે અસહ્ય છે. રેસ્ક્યુ કાર્ય દરમ્યાન શહેરમાં અનેક સ્થળે ચાઈનીઝ દોરી મળી આવી હતી. ચાઈનીઝ દોરી સસ્તી મળતી હોવાથી યુવા વયના પતંગરસિયાઓ તેની ખરીદવા વધુ લલચાય છે. વહીવટી તંત્રએ આ બાબતે ખૂબ જ ગંભીરતાથી પગલા લેવા જરૂરી જણાય છે.

### કરુણા અભિયાનમાં ૨૨ પક્ષીઓનું રેસ્ક્યુ કરાયું

ગાંધીનગરમાં વન વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વનશ્રી ટ્રસ્ટના સહયોગથી કરૂણા અભિયાન અંતર્ગત બર્ડ રેસ્ક્યૂ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું આ અભિયાનમાં ઉત્તરાયણના બે દિવસ દરમ્યાન કુલ ૨૨ પક્ષીઓનું રેસ્ક્યું કરવામાં આવ્યું હતું જે પૈકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત બે કબૂતર મોતને ભેટ્યાં હતાં તેઓ વાઈલ્ડ લાઈફ વોર્ડન અંજના નિમાવતે જણાવ્યું હતું. અત્રે બચાવવામાં આવેલા પક્ષોમાં પણ મોટી સંખ્યામાં કબુતરનો સમાવેશ થાય છે તે ઉપરાંત પોપટ, ઘુવડ જેવાં અન્ય પક્ષીઓને પણ બચાવાયાં હતા.



ઉત્તરાયણની ઉજવણી ચિલોડા ગામમાં ઉમંગભેર કરવામાં આવી હતી. ઉત્તરાયણમાં દાન-પૂર્ણનું મહત્વ હોવાથી ત્યાંના નાગરિકોએ પશુઓને ઘાસ ખવડાવ્યુ હતુ અને ઉત્તરાયણના પ્રખ્યાત તલ-ચીકીના લાડુ, સીંગની ચીકીની સાથે સાથે ઉંધીયા-જલેબીની દુકાનોમાં ભીડ જામી હતી. ઉત્તરાયણ પર્વમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સેલ્ફીનો ક્રેજ જોવા મળ્યો હતો.

## ગંભીર ઈજા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પતંગની કાતિલ દોરી ઘણા માટે જાનલેવા પુરવાર થતી હોય છે. દોરીના લીધે ઘણાં નિર્દોષ વ્યકિતની જીવનદોરી કપાઈ જતી હોવાના કીસ્સા પણ સામે આવે છે. જયારે દોરીના લીધે ગંભીર ઈજા થતી હોવાના પણ અનેક કિસ્સાઓ સામે આવતા હોય છે. વાહન ચલાવતી વેળાએ કે ધાબા પર પણ દોરી વાગવાથી ગળાના ભાગે ગંભીર ઈજા થતી હોવાના કિસ્સા સામે આવે છે. શહેરમાં આ વર્ષે ઉતરાયણ પર્વના બન્ને દિવસો દરમિયાન દોરી વાગવાથી બે યુવાનો તેમજ એક બાળકને ઈજા થવા પામી છે. આ ઉપરાંત આજે વાસી ઉતરાયણના દિવસે પણ સે-૨૬ માં એક મહીલા ધાબા પરથી નીચે પડકાતા તેણીને ગંભીર ઈજા થવા પામી હતી જયારે સે-૧૩ માં પણ એક પુરુષ ધાબા પરથી પડી જતા તને માથાના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી.

જેમાં બાળકને હાથના ભાગમાં દોરી વાગતા પાંચ ટાંકા લઈને તબીબી સારવાર પુરી પાડવામાં આવી હતી જયારે બે યુવાનોને ગળાના ભાગે ઈજા થવા પામી હતી. ગળાના ભાગે દોરી વાગવાથી ગંભીર ઈજા થવા પામી હતી જયારે આ પૈકી એક યુવાન દહેગામનો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. સારવાર બાદ આ બન્ને યુવાનોની હાલત સ્વસ્થ છે. આ ઉપરાંત સે-૨૭ માં પણ એક મહીલાને ગળાના ભાગે દોરી વાગતા ગંભીર ઈજા થવા પામી હતી. ગળાના ભાગે મહીલાને દોરી વાગતા ૧૫ ટાંકા લઈને સારવાર આપવામાં આવી હતી. દોરીથી ઈજાગ્રસ્ત તમામને સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. ઉતરાયણના પર્વ દરમિયાન એક બાળક સહીત ચાર વ્યકિતને દોરી વાગવાથી ઈજા થવા પામી હતી જયારે એક મહીલા અને એક પુરુષ ધાબા પરથી નીચે પટકાતા ગંભીર ઈજા થતા તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

## સંક્રાતની ઉજવણી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કરવાનો આગ્રહ રાખ્યો હતો .ધાબા પર સેનેટાઈઝર અને માસ્ક પણ જોવા મળ્યા હતા. મોટાભાગના પતંગ રસિયાઓ મોઢે માસ્ક પહેરીને પતંગ ઉડાવતા નજરે પડયા હતા. સવારથી જ પવનને યારી આપતા બપોર સુધી પતંગોત્સવની ધુમ મચી હતી જયારે ધાબા પર મોટાભાગે ડી જે પણ જોવા મળ્યા ન હતા બપોર થતા સુરજ માથે આવવાની સાથે પવનની દીશા પણ તે તરફની હોવાથી પતંગ રસિકોએ આરામ લીધો હતો જયારે બપોર બાદ ફરી ઉતરાયણ પર્વની રોનક નિખરી હતી દિવસ દરમિયાન પવન પતંગ ચગાવવા માટે ફેવરેબલ રહેતા પવન નથી ની બુમ પડી ન હતી. દરવર્ષે અમદાવાદ ઉતરાયણ કરવા જતા પરિવારોએ આ વર્ષે કોવિડથી બચવા માટે ઘરે જ રહેવાનુ પસંદ કર્યુ હતુ. જયારે બીજીતરફ કોવિડ સંક્રમણના લીધે ધાબા પર દર વર્ષની જેમ પતંગરસિયાઓની ભીડ જોવા મળી ન હતી. અલબત્ત કોવિડ ના લીધે ઉતરાયણનુ પર્વ પ્રભાવિત થયુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ નજરે પડતુ હતુ. પતંગની સાથે આ વર્ષે બાળકો માટે ગેસના ગુબારાનુ વિશેષ વેચાણ થયુ હતુ. છોટા ભીમ, ડોલફીને અને ડોરેમોન , પીકોક સહીતના ગેસ બલુનનુ ધુમ વેચાણ થયુ હતુ. પતંગ દોરીની સાથે અન્ય એસસરીઝનો પણ બાળકો અને યુવાનોમાં વિશેષ ક્રેઝ જોવા મળ્યો હતો. વાસી ઉતરાયણના દિવસે પણ સવારથી જ સુસવાટા મારતો પવન હોવાથી પતંગ ચગાવાની મજા પડી હતી. જો કે પવનનુ જોર વધુ હોવાથી પતંગ પણ આકાશમાં ઉડતાની સાથે હાથમાં ન રહે તેવી સ્થિતિ હોવાથી વધારે પડતો પવન ક્યારેક પતંગ રસિયાઓની અકળામણનુ પણ કારણ બન્યો હતો. દિવસ દરમિયાન પતંગોત્સવની મજા માંણ્યા બાદ સાંજના સમયે સેકટરોના ધાબે પતંગરસિયાઓ ગરબે ઘુમ્યા હતા. જયારે આકરી ઠંડીથી બચવા માટે ધાબા પર કેટલાક ઠેકાણે તાપણા કરવામાં આવ્યા હતા. ઉતરાયણ પર્વ દરમિયાન સેકટરોમાં હવે ટુક્કલ ઉડાવાનુ ઓછુ થઈ ગયુ છે. જો કે રાત્રિના સમયે જુના સેકટરોમાં કેટલાક ધાબા પરથી તુક્કલ ચગતા આકાશની નઝારો પણ બદલાયો હતો. શહેરમાં ઉતરાયણ પર્વ એકંદરે શાંતિપુર્ણ માહોલમાં ઉલ્લાસથી ઉજવાયુ હતુ જયારે કોરોનાના વધતા સંક્રમણ અને ઠંડીના કહેરથી ઉતરાયણનુ પર્વ પ્રભાવિત થયુ હતુ. સરકારે શનિવારની રજા જાહેર કરી દેતા કેટલાક પતંગ રસિકોએ બે દિવસ સતત પતંગ ચગાવાની મજા માંણી હતી તો ઘણાં પરિવારજનો રજાની મજા માંણવા ગાંધીનગર બહાર નિકળી ગયા હતા.

## પીક પર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઘટી રહી હતી, જ્યારે રાષ્ટ્રીય રાજધાનીમાં સતત વધી રહી છે. મુંબઈનો સૌથી વધુંઈ (છેલ્લા આઠ દિવસમાં) ૭ જાન્યુઆરીએ ૨૮.૯૫% નોંધાયો હતો. જે શુક્રવારે ઘટીને ૨૦. ૬% થઈ ગયો હતો. બીજી બાજુ, દિલ્હીમાં શુક્રવારે ૩૦. ૬૪% નોંઈ નોંધાયો હતો, જે રાજધાનીમાં તાજેતરના મહિનાઓમાં સૌથી વધુ છે. દિલ્હીમાં શુક્રવારે ટેસ્ટિંગની સંખ્યા ૭૯,૫૭૮ સામે આવી હતી, જે છેલ્લા આઠ દિવસમાં બીજા નંબરનો સૌથી ઓછો આંકડો છે. જ્યારે મુંબઈમાં પણ શુક્રવારે ૫૪,૯૨૪ ટેસ્ટિંગનો આંકડો નોંધાયો હતો. જે છેલ્લા આઠ દિવસમાં સૌથી ઓછો છે. જેથી ડેટા સૂચવે છે કે ટેસ્ટિંગની સંખ્યામાં વધારો થશે તો હજુ પણ બંને શહેરોમાં વધુ પ્રમાણમાં કેસ સામે આવી શકે છે. પરંતુ ટીપીઆરમાં ઘટાડો સૂચવે છે કે મુંબઈ તેના પીક પર પહોંચી ગયું હોઈ શકે છે જ્યારે દિલ્હી માટે એવું લાગતું નથી. રાષ્ટ્રીય રાજધાનીમાં, શુક્રવારના રોજ લગભગ દરેક ત્રીજુ સેમ્પલ વાયરસના ઈન્ફેક્શન માટે પોઝિટિવ હોવાનું સામે આવતું હતું અને દૈનિકઈ ૭ જાન્યુઆરીના ૧૭.૭૩% થી સતત વધ્યો છે અને ૧૪ જાન્યુઆરીના રોજ ૩૦.૬૪% પહોંચ્યો છે. દરમિયાન, શુક્રવારે બંને શહેરોમાં પ્રમાણમાં મોટી સંખ્યામાં મૃત્યુ જોવા મળ્યા હતા.

## ચેતવણી આપે છે.

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

નથી કે આપણે કોરોનાના અંતિમ તબક્કામાં ક્યારે હોઈશું. તેમણે કહ્યું કે સામાન્ય વસ્તીમાં રોગપ્રતિકારક શક્તિમાં વધારો થશે અને ઓમિક્રોનથી ઘણી કુદરતી રોગપ્રતિકારક શક્તિ પ્રાપ્ત થશે. અમે ઝડપથી એવી દિશા તરફ આગળ વધી રહ્યા છીએ જે એનડેમિસિટીની નજીક હશે. જો કે, તે અત્યારે ચરમસીમા પર છે અને આનાથી સાવધાની જરૂરી છે.

## એલર્ટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શુક્રવારની સવારે ઝડપાયેલો આ જથ્થો પંજાબમાં ચૂંટણી દરમિયાન ધડાકા કરવા માટે ઉપયોગમાં લેવાનો હતો. આ આરડીએક્સ ખેતરમાં સંતાડાયેલો મળી આવ્યો હતો. જ્યારે કાશ્મીરમાં શ્રીનગરમાં ભીડભાડવાળા માર્કેટમાં એક શંકાસ્પદ બેગને જોઈને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને બોલાવવામાં આવી હતી.આ બેગમાં પણ વિસ્ફોટકો મળી આવ્યા હોવાની તપાસ થઈ રહી છે.

## ઠંડુગાર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ધાબા પર પણ પતંગ રસિયાઓ મોડેથી ડોકાયા હતા. આજે સવારથી જ સુસવાટા મારતા પવન વચ્ચે અસહ્ય બનતી ઠંડીથી સૌ કોઈ તોબા પોકારી ગયા હતા આકરી ઠંડીના લીધે શહેરીજનો સુન્ન પડી ગયા છે. જયારે સિનિયર સિટીઝન્સ અને બાળકોની હાલત કફોડી બની છે. કોલ્ડવેવના લીધે નગરજનો શરદી ઉધરસના શિકાર બની રહ્યા છે. દમ અને શ્વાસના દર્દીઓ પણ પ્રભાવિત છે. અસહ્ય ઠંડીનુ મોજુ જારી રહેતા શહેરમાં સાંજ ઢળતા જ સેકટરોમાં સન્નાટો છવાઈ જાય છે. હજુ આગામી તા ૧૭ જાન્યુઆરી સુધી ઠંડીનુ જોર રહેશે તેમ પણ હવામાન નિષ્ણાંતોએ જણાંવ્યુ છે. જયારે આગામી દિવસોમાં ફરી એકવાર વાતાવરણ પલ્ટાની અસર જોવા મળશે જેના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા પડશે આ સ્થિતિ વચ્ચે ઠંડીની મોસમ પણ વારંવાર પ્રભાવિત થતા મોસમનો બદલાતો મિજાજ જન આરોગ્ય માટે પણ ખતરારૂપ બની રહ્યો છે. અસહ્ય ઠંડીના લીધે શહેરમાં રાત્રિના સમયે સન્નાટો છવાઈ જાય છે. જયારે કોરોના અને ઠંડીના કહેરથી બચવા માટે નગરજનો ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે.



દેશમાં ત્રીજી લહેરના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ગાંધીનગર સિવિલમાં અલાયદો તાવનો વોર્ડ કાર્યરત કરી દેવામાં આવ્યો છે અને બાજુમાં ઓકિસજન પ્લાન્ટ પણ કાર્યરત છે. ઓકિસજન ટેન્કર પણ તૈયાર કરવામાં આવેલ છે. ગમે ત્યારે જયાં જરૂર પડે ત્યાં તંત્ર દોડવા તૈયાર છે.

# નિવૃત્તિ પછી સચિવાલય અને જાહેર સાહસોમાં ૨૨૦થી વધુ અધિકારી નોકરી કરી રહ્યાં છે

**એક્સટેન્શનના કારણે એવા કેટલાક કર્મચારીઓને લાભ થયા છે કે જેઓ ચાર અને છ વર્ષથી એક જ જગ્યાએ પોસ્ટીંગ ભોગવી રહ્યાં છે**

ગાંધીનગર, તા. ૧૫

સચિવાલયના વિવિધ વિભાગો, બોર્ડ-નિગમ અને વિવિધ કચેરીઓમાં હાલની સ્થિતિએ ૨૨૦થી વધુ ઓફિસરો અને કર્મચારીઓ વયનિવૃત્તિ પછી એક્સટેન્શન ભોગવી રહ્યાં છે. સચિવાલયમાં મહત્વની ૬૨ એવી પોસ્ટ છે કે જ્યાં વિવિધ અધિકારીઓને એક્સટેન્શન આપવામાં આવેલું છે. આશ્ચર્ય સાથે એવાં પણ અધિકારી છે કે જેમને છ વખત એક્સટેન્શન મળી ચૂક્યું છે. ગુજરાત સરકારમાં એક્સટેન્શનનો સિલસિલો વર્ષો જૂનો છે પરંતુ એક્સટેન્શન મેળવનારા અધિકારીઓની સંખ્યા એટલી વધી ચૂકી છે કે વિભાગોમાં બીજા અધિકારીઓ પ્રમોશનથી વંચિત રહી જવા પામે છે. તેઓ નવી ભરતીને પણ અટકાવી રહ્યાં છે.

સરકારમાં વધારાના હવાલા, કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ભરતી ઉપરાંત એક્સટેન્શન એવી સિસ્ટમ છે કે જેના કારણે સરકારના વિવિધ કર્મચારી મંડળો અને એસોસિયેશનોએ વિરોધ કર્યો છે. આ એસોસિયેશને કહ્યું છે કે સરકાર અનુભવી અધિકારીનો ઉપયોગ કરવા માગતી હોય તો તેમને અન્ય કર્મચારીઓને ટ્રેઈનીંગ આપવાનું કામ સોંપવું જોઈએ કે જેથી સેકન્ડ કેડર તૈયાર થઈ શકે.

એક્સટેન્શન મેળવનાર અધિકારી એકહથ્થુ સત્તા ભોગવતા હોય છે. તેઓ કોઈને તાલીમ આપતા નથી. રાજ્યના કર્મચારી મંડળો વારંવાર સરકારને લેખિતમાં રજૂઆત કરે છે કે નિવૃત્ત અધિકારીઓને એક્સટેન્શન આપવાનું બંધ કરી સેકન્ડ કેડરમાં કામ કરતા કર્મચારીને પ્રમોશન આપવું જોઈએ કે જેથી નવી ભરતી થઈ શકે. આ મંડળોએ એવા પણ આરોપ મૂકેલા છે કે એક્સટેન્શન મેળવનાર અધિકારી કે કર્મચારી વિભાગનું નહીં પણ હિત ધરાવતા તત્વોને મોટો ફાયદો કરાવી રહ્યાં છે.

ગુજરાત સરકારમાં આઈએએસ, આઈપીએસ અને આઈએફએસ ઉપરાંત ગુજરાત વહીવટી સેવાની વિવિધ કેડરના અધિકારીઓ તેમજ કર્મચારીઓને એક્સટેન્શન આપવામાં આવે છે. એક્સટેન્શનમાં વર્ગ-૧ના અધિકારીઓની સંખ્યા વધારે જોવા મળે છે. કામગીરીની કદર કરી તેના અનુભવનો વધુ સમય સુધી લાભ લેવા માટે સામાન્ય રીતે નિવૃત્તિ પછી એક વર્ષ કે બે વર્ષનું એક્સટેન્શન આપવામાં આવતું હોય છે પરંતુ રાજ્યમાં એવા પણ કિસ્સા છે કે છ થી સાત વર્ષ સુધીનુ એક્સટેન્શન આપવામાં આવેલું છે.

કોઈપણ અધિકારી અતિ મહત્વનો હોય અને સરકારને યોગ્ય માર્ગદર્શન આપતો હોય તો ૬૨ વર્ષ સુધી તેને એક્સટેન્શન મળી શકે છે પરંતુ સચિવાલયમાં જીએડીના આ પરિપત્રનું ઉલ્લંઘન થયું છે અને એવા ડઝનબંધ અધિકારીઓ છે કે જેઓ ૫૮ વર્ષે નિવૃત્ત તો થયાં છે પરંતુ ૬૫ વર્ષે પણ તેઓ સરકારમાં એક્સટેન્શનથી નોકરી કરી રહ્યાં છે. ભૂતકાળમાં ગેરરીતિ કરી હોય અને જેમની સામે તપાસ થઈ હોય તેવા અધિકારીઓને પણ એક્સટેન્શન આપીને જીએડીએ આશ્ચર્ય ફેલાવ્યું છે.

# ટ્રેક ઉપર સિમેન્ટ પોલ મૂકી રાજધાની ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ

અમદાવાદ, તા.૧૫

વલસાડના અતુલ રેલવે સ્ટેશન પાસે કોઈ અસામાજીક તત્વોએ સિમેન્ટનો પોલ રેલવે-ટ્રેક ઉપર મૂકીને ટ્રેનને ઉથલાવવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં મોડી સાંજે મુંબઈ દિલ્હી અગસ્ત ક્રાંતિ અગસ્ત ક્રાંતિ રાજધાની એક્સપ્રેસ ટ્રેન પસાર થતાં સિમેન્ટના પોલને છૂંદી કાઢ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ રેલવે અધિકારી, સુરત રેન્જ હ્વ્ર સહિત વલસાડ પોલીસ અને રેલવેની ય્ઁ અને ઇંહ્વ સહિતનો પોલીસકાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. આ ઘટનાને પગલે રાજધાની બાદની તમામ ટ્રેનને ૫ મિનિટ લેટ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ ઘટનામાં ટ્રેન સહિત તમામ યાત્રિકો સુરક્ષિત છે. બનાવની વિગત મુજબ શુક્રવારે સાંજે અજાણ્યા ઈસમોએ રેલવે ટ્રેક નજીક રહેતો તારખૂંટાનો સિમેન્ટનો પોલ ઉખાડીને અમદાવાદ તરફના રેલવે-ટ્રેક ઉપર મૂક્યો હતો. આ દરમિયાન રેલવે ટ્રેક પરથી મુંબઈ દિલ્હી અગસ્ત ક્રાંતિ રાજધાની એક્સપ્રેસ ટ્રેન પસાર થઈ હતી. આથી આ એક્સપ્રેસ ટ્રેનનાં એન્જિન સાથે આ પિલર અથડાયો હતો. ટ્રેન એટલી સ્પીડ માં દોડી રહી હતી કે રેલવે ટ્રેક પર મૂકવામાં આવેલો સિમેન્ટનો પિલર ટ્રેનને અથડાતાં જ ફેંકાઈ ગયો હતો.અને મોટી દુર્ઘટના થતા ટળી હતી. જોકે ટ્રેન સાથે બનેલી આ અતિ ગંભીર ઘટનાની જાણ ટ્રેનનાં ચાલક એ તાત્કાલિક અતુલ રેલ્વે સ્ટેશન માસ્ટરને જાણ કરી હતી. જે બાદ રેલવે વિભાગમાં દોડધામ મચી ગઈ હતી.

રેલવે પોલીસ સહિત રેલવેના અધિકારીઓ સાથે વલસાડ જિલ્લા પોલીસનો કાફલો સ્થળ ઉપર ધસી આવ્યો હતો અને મામલાની ગંભીરતા જોતા ખુદ સુરત રેન્જ આઈ.જી પણ સ્થળ ઉપર પહોંચ્યા હતા. ઘટના સ્થળનું નિરિક્ષણ કર્યું હતું અને એફ.એસ.એલ સહિત ડોગ સ્કવોડને પણ બોલાવીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસની જુદી જુદી ટીમો બનાવીને નજીકમાં રહેતા લોકોની પૂછપરછ શરૂ કરી છે. તો રેલ્વે સ્ટેશનના ગુડ્સ ટ્રેન લાઈનના ચાલી રહેલા કામ ઉપર કામ કરતા કામદારોની પણ પૂછપરછ શરૂ કરી છે. આ ઉપરાંત બાતમીદારોને સતર્ક કરી અને ટેક્નિકલ સર્વેલન્સની ટીમની મદદ મેળવી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વાસી ઉત્તરાયણના દિવસે ભંગારનું ગોડાઉન સળગ્યું

અમદાવાદ, તા.૧૫

ઉત્તરાયણના તહેવાર પર સૌથી વધુ અકસ્માતો સર્જાતા હોય છે. જેમાં સાંજે ફટાકડા ફૂટવાને કારણે અનેક આગની અનેક ઘટનાઓ બનતી હોય છે. ત્યારે અમદાવાદના ચંડોળા તળાવ પાસે આવેલ એક ભંગારના ગોડાઉનમાં આજે વાસી ઉત્તરાયણની વહેલી સવારે આગ લાગી હતી. સવારે ૪.૨૦ કલાકે ફાયર બ્રિગેડને કોલ મળ્યો હતો કે, ચંડોળા તળાવની પાસે આવેલ એસ આર વેસ્ટેજ નામના પ્લાસ્ટિકના સ્ક્રેપના ગોડાઉનમાં આગ લાગી હતી. આ ગોડાઈન મ્ઇ્જી બસ સ્ટોપની પાછળ આવેલુ છે. આગ એટલી વિકરાળ હતી કે, ફાયર બ્રિગેડનો ૩૫ સ્ટાફનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને આગ ઠારવાનો પ્રયાસ કરાયો હતો. આગનુ સ્વરૂપ જોતા જ ૧ મીની ફાઈટર, ૨ ટેન્કર, ૯ ગજરાજ, ૧ ડિવિઝનલ ઓફિસર, ૨ સ્ટેશન ફાયર ઓફિસર સહિતનો ૩૫ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો.



**પ્રયાસ સંસ્થા દ્વારા જરૂરિયાતમંદોને અનાજ કીટનું વિતરણ**

પ્રયાસ સંસ્થા દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે ગાંધીનગરના જરૂરિયાતમંદોને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રયાસ સંસ્થાના સૌ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.